બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦% જગ્યાઓ અનામત રાખવાની સૂચનાઓ સ્થગિત કરવા બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક :- પરચ/૧૦૨૦૧૬/૨૭૫૦૨૪/ગ.૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૦૯/૨૦૧૬

<u>વંચાણમાં લીધો :-</u>

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧/૫/૨૦૧૬ નો વટ હુકમ નં.૧/૨૦૧૬

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૯/૨૦૧૬ નો પત્ર ક્રમાંક:સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ

<u>-: પરિપત્ર :-</u>

ગુજરાત સરકારના તા.૧/૫/૨૦૧૬ના વટહુકમથી બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવી હતી. અને શૈક્ષણિક સંસ્થાઓમાં એડમિશનમાં પણ ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવા ઠરાવેલ હતું. આ જોગવાઇ સામે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં રીટ પીટીશન નં.૧૦૮/૨૦૧૬ અને અન્ય ત્રણ પીટીશનો દાખલ કરવામાં આવેલી અને નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૪/૮/૧૬ના હુકમથી રાજ્ય સરકારે બીન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં ૧૦ ટકા અનામતની કરેલ જોગવાઇ રદ કરેલ. આ હુકમ સામે રાજ્ય સરકારે નામદાર સુપ્રિમ કોર્ટમાં એસ. એલ. પી. નં.૨૩૫૪૪-૨૩૫૪૭/૨૦૧૬ દાખલ કરેલ, જે અન્વયે તા.૯/૯/૧૬ના રોજ નામદાર સુપ્રિમ કોર્ટે નીચે મુજબ ચુકાદો આપેલ છે.

Pending further orders, we direct that the admissions made to any educational institution prior to the pronouncement of the impugned order shall not be disturbed. We make it clear that since the impugned Ordinance has been struck down by the High Court, no further action towards implementation of the reservation made under the said ordinance can be taken qua education and service matters.

Hearing expedited.

The appeals shall now be listed before a three Judge Bench.

આ હુકમોમાં નામદાર સુપ્રિમ કોર્ટે જણાવેલ છે કે, રાજ્ય સરકારે બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા અનામતની કરેલ જોગવાઇ અન્વયે શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ આપી દીધેલ હોય તો તે ચાલુ રાખવા પરંતુ હવે પછી આવો પ્રવેશ ન આપવો અને સરકારી નોકરીઓમાં બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા અનામતની કરેલ જોગવાઇનો અમલ ન કરવો. આમુખમાં ક્રમ:૨ સામે દર્શાવેલા સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના પત્રથી પણ સરકારી નોકરીઓમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦% જગ્યાઓ અનામત રાખવાના આમુખમાં ક્રમ:૧ સામે દર્શાવેલ વટ હુકમની સૂચનાઓનો અમલ ન કરવા જણાવવામાં આવેલ છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ સંદર્ભમાં નીચે મુજબના ઠરાવો, પરિપત્રો, જાહેરનામાઓ પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતા.

| ક્રમ | ઠરાવ / પરિપત્ર / જાહેરનામાની વિગત | વિગત |
|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગનો તા.૭/૫/૧૬નો પરિપત્ર ક્ર.પરચ/ ૧૦૨૦૧૬/૨૭૫૦૨૪/ગ-૨ | વટ હુકમનો અમલ કઇ રીતે કરવો તેની વિગતો |
| ૨ | સામાન્ય વહીવટ વિભાગનો તા.૭/૫/૧૬નો પરિપત્ર ક્ર.પરચ/૧૦૨૦૧૬/૨૮૨૪૪૭/ગ-૪ | બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના જે ઉમેદવારો મેરીટમાં આવે તેઓને સામાન્ય ઉમેદવાર ગણવા અંગેની સ્પષ્ટતા |
| 3 | સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૨/૫/૧૬નો ઠરાવ ક્ર.પીએસસી /૧૦૨૦૧૨/૬૫૦૧૮૬/ ગ-૨ | ભરતી માટે માંગણી પત્રકનો નમૂનો નવી જોગવાઇના આધારે સુધારેલ છે. |
| ૪ | સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૨/૫/૧૬નો ઠરાવ ક્ર. પવસ/૧૦૨૦૧૬/૫૩૮/ગ-૪ | બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને સ્પર્ધાત્મક પરીક્ષા માટેની પરીક્ષા ફી, ફોર્મ ફી માં રાહત આપવા અંગે |

| | | |
|---|---|---|
| ૫ | સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૨/૫/૧૬નો ઠરાવ ક્ર. પવસ/૧૦૨૦૧૬/૫૩૯/ગ-૪ | બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો માટે સીધીભરતીમાં ૧૦ ટકા અનામતની જોગવાઇ અન્વયે નમૂનારૂપ રોસ્ટર ક્રમાંકો નિયત કરવા બાબત. |
| ૬ | સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૫/૧૬નું જાહેરનામું ક્રમાંક./સીઆરઆર/૧૧/૨૦૧૬/ ૨૮૨૩૨૩/ગ.૫ | બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટેની વ્યાખ્યા તથા તેઓને ૫ વર્ષની વયમર્યાદા વધારવા બાબત. |
| ૭ | સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૫/૧૬નો ઠરાવ ક્ર.જી.એસ./૩૭/૨૦૧૬/સીઆરઆર /૧૧/૨૦૧૬/૨૮૨૩૨૩/જી.૫ | જાહેરનામા અન્વયે વયમર્યાદામાં વધારો કરવા અંગેની સ્પષ્ટતાઓ. |
| ૮ | સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૮/૫/૧૬નું જાહેરનામું ક્ર. જી.એસ./૨૦૧૬/૩૮/સીઆરઆર/ ૧૦૯૬/૨૨૧૩/ગ-૨(પાર્ટ-૧) | બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગની મહિલાઓ માટે ૩૩ ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેની સ્પષ્ટતા |

નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં લઇને નીચે મુજબની કાર્યવાહી તાત્કાલિક અસરથી કરવાની રહે છે.

(૧) ઉપર દર્શાવેલ તમામ ૮ જાહેરનામાઓ / પરિપત્રો / ઠરાવો તાત્કાલિક અસરથી એબેયન્સમાં મૂકવામાં આવે છે તથા <u>બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા અનામત જાહેર કર્યા પહેલાંની જે સૂચનાઓ હતી તે પુનઃ કાર્યરત કરવામાં આવે છે.</u>

(૨) વિવિધ ભરતી સંસ્થાઓ દ્વારા બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખીને ભરતી અંગેની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. રાજ્ય સરકારે બહાર પડેલ સુચનાઓ અન્વયે <u>જે ઉમેદવારોએ બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ કેટેગરીમાં અરજી કરેલ છે અને આ કેટેગરી માટેની ઉપર ક્રમ:૪ માં દર્શાવેલ તા.૧૨/૫/૨૦૧૬ ના ઠરાવની સૂચનાઓ અન્વયે પરીક્ષા ફી /</u>

ફોર્મ ફી ભરેલ નથી તેઓ પાસેથી પરીક્ષા ફી / ફોર્મ ફી વસુલ કરવાની રહેશે નહીં.

(૩) બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ માટેની કેટેગરીમાં જે ઉમેદવારોએ વય-મર્યાદામાં છૂટછાટ લઇને અરજી કરેલ છે તેવા ઉમેદવારોને નામદાર હાઇકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા અન્વયે વય-મર્યાદામાં આપેલ છૂટછાટનો લાભ રદ કરવાનો રહેશે. જે ઉમેદવારો આ વય-મર્યાદાના લાભ સિવાય પરીક્ષા માટે યોગ્ય હોય તેઓની ઉમેદવારી ચાલુ રહેશે અને જો યોગ્ય ન હોય તો તેઓની ઉમેદવારી રદ ગણવાની રહેશે.

(૪) બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા અનામતની જોગવાઇ રદ થતાં જે જગ્યાઓની ભરતીમાં આ જોગવાઇ લાગુ પાડીને આ જાહેરાત આપેલ છે તેમાં બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ માટે અનામત રાખેલ જગ્યાઓને સામાન્ય વર્ગની જગ્યાઓમાં ઉમેરી કુલ જગ્યા બિન અનામત વર્ગ માટે ગણવાની રહેશે અને તેને આધારે મહિલા અનામતની ટકાવારીની ગણતરી કરી મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ ફાળવવાની રહેશે. આ મુજબની કાર્યવાહી સંબંધિત વિભાગ / કચેરી પાસેથી સુધારેલ સ્ટેટમેન્ટ મેળવી જે તે ભરતી સંસ્થા કક્ષાએ કરવાની રહેશે.

(૫) બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરીમાં જે ઉમેદવારોએ અરજી કરેલ છે તેઓને નામદાર ગુજરાત હાઇકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લેતા સામાન્ય ઉમેદવાર તરીકે ગણવાના રહેશે.

(૬) અગાઉ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગને અપાયેલ ૧૦ ટકા અનામત ધ્યાને લઇને નવા નમૂનારૂપ રોસ્ટર ક્રમાંકો નક્કી કરવામાં આવેલ તે હવે અમલમાં મૂકવાના ન હોઇ અગાઉ જાળવવામાં આવતા રોસ્ટર રજિસ્ટરો નિભાવવાના રહેશે.

સચિવાલયના વહીવટી વિભાગો અને તેમના નિયંત્રણ હેઠળના ખાતા/કચેરી/સંસ્થાઓમાં અને તમામ ભરતી એજન્સીઓમાં આ પરિપત્રની સૂચનાઓનું પાલન થાય તે જોવા સર્વે વિભાગોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે. એમ. અધ્વર્યુ )
અધિક સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ / માન. રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગોના સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/અધિક મુખ્ય સચિવશ્રીઓ. (સંબંધિત વિભાગોએ તેમના ખાતા અને કચેરીના વડાઓની આ બાબતે જાણ અને જરૂરી કાર્યવાહી માટે માહિતી આપવી.)
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વીસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
- એચ.આર.એમ.એસ. સેલ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી અને સીઈઓ, સાવ.વિ., સચિવાલય, ગાંધીનગર તરફ જરૂરી કાર્યવાહી સારૂ.
- એકાઉન્ટન્ટ જનરલની કચેરી અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ. તેમજ સર્વે ખાતા/કચેરીના વડાઓ
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
- રાજય સરકાર હેઠળના તમામ માન્ય મંડળો
- વિશિષ્ટ ફાઈલ.
- <u>પત્ર ધ્વારા.</u>